# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## પ્રકાશન સમિતિની ૨૧મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની પ્રકાશન સમિતિની ૨૧મી બેઠક કરવા અંગે માન.કા.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠકનું આયોજન તા.૦૫/૦૮/૨૦૨૩નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે માન.કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Offline કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, અધ્યક્ષશ્રી
(૨) પ્રિ. ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી
(૩) ડૉ. દશરથ જાદવ, સભ્યશ્રી
(૪) શ્રી રાજેશકુમાર ચૌધરી, સભ્યશ્રી
(૫) પ્રો. વિનોદ કુમાર ઝા, સભ્યશ્રી
(૬) ડૉ. આશાબેન માઢક, સભ્યશ્રી
(૭) ડૉ. ભગવતીબેન ડાભી, સભ્યશ્રી
(૮) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૫) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કા.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) આવેલ ગ્રંથની પ્રકાશનની સમીક્ષા હેતુ વિભાગ તેના Criteria/Specifications ૦૨ ભાષામાં તૈયાર કરી સમિતિના તમામ સભ્યોને મોકલી આવશ્યક સુધારા-વધારા સાથે અંતિમ તૈયાર કરીને અગ્રિમ બેઠકમાં પ્રસ્તુત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૨) ડૉ.ગૌતમ પટેલજી દ્વારા રચિત અને સંપાદિત એવા ગ્રંથ "श्रीसद्गुरुदेवशतकम्" અંગે ઉપરોક્ત મુદ્દા નં.૧ મુજબ તૈયાર થનાર પત્રકના માધ્યમથી અગ્રિમ બેઠકમાં આ ગ્રંથની આંતરિક સમીક્ષા કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) ડૉ.સોમનાથ દાસજી દ્વારા રચિત અને સંપાદિત ગ્રંથ "नरेन्द्रारोहणम्" અંગે ઉપરોક્ત મુદ્દા નં.૧ મુજબ તૈયાર થનાર પત્રકના માધ્યમથી અગ્રિમ બેઠકમાં આ ગ્રંથની આંતરિક સમીક્ષા કરવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોનાં સૂચનો -**

(૪) યુનિવર્સિટી દ્વારા બાકી રહેલ પ્રકાશનો અંગે જે-તે સંપાદકશ્રીને વિભાગ દ્વારા પત્રથી ખુલાસો પૂછવો. દિન-૭માં પ્રત્યુત્તર/ખુલાસો આપવા જણાવવું અને આ અંગે સંબંધિતોને નકલ રવાના કરી જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

**અધ્યક્ષશ્રીનાં સૂચનો –**

(૫) યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય સેમિનાર संस्कृतवाङ्मये शिवतत्त्वम् અંગે પ્રકાશન વિભાગ હાલની સ્થિતિ અંગે અગ્રિમ બેઠકમાં માહિતી આપી પ્રકાશન કરવા અંગેની અગ્રિમ પ્રક્રિયા હાથ ધરવા ભલામણ છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

**(ડૉ.કાર્તિક પંડ્યા)**
સંશોધન અધિકારી